| સમરી અરજી નંબર:–659 | વર્ષ:–2024 |
|---|---|

**GUVNL પોલીસ સ્ટેશન સે.ગુ.રજી.નંબર: ૪૩૫૩/૨૦૨૦ આંક–૦૧ અન્વયે હુકમ**

**૧.** આ કામે આરોપી સામે ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૫(૧) મુજબ ગુન્હો કર્યાનો આરોપ છે.

**૨.** સદરહુ ધારાની કલમ–૧૫૨ જોવામાં આવે તો તેમા ગુના માંડવાળ કરવાની જોગવાઈ કાયદામાં કરવામાં આવેલ છે.

**૩.** હાલના કામમાં સાબરમતી જી.યુ.વી.એન.એલ પો.સ્ટે અમદાવાદના ગુન્હાના તપાસ કરનાર અધિકારીએ કંપાઉન્ડ ચાર્જ ભરી ગુન્હો માંડવાળ કરવાનો રીપોર્ટ કરવામા આવેલ છે. તપાસ કરનાર અધિકારીશ્રીના રિપોર્ટ મુજબ સદર કેસમાં કાયદાકીય જોગવાઈ મુજબ સમાધાન કરવામાં આવેલ છે. પક્ષકારો વચ્ચે જયારે કાયદાકિય જોગવાઈ મુજબ સમાધાન થઈ ગયેલ છે તેવા તબકકે આ કેસ આગળ ચલાવવા માટે કોઈ વાજબી કારણ જણાઈ આવતું ન હોઈ, આથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::: <u>હુ ક મ</u> :::**

ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ની કલમ–૧૫૨ અન્વયે સદરહું ધારાની કલમ–૧૩૫(૧) અન્વયેનો ગુનો માંડવાળ કરેલ હોવાનો રીપોર્ટ રેકર્ડ કરવામાં આવે છે અને ભરેલ સમરી આથી મંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૧૪મી માહે–સપ્ટેમ્બર સને–૨૦૨૪ ના રોજ યોજવામાં આવેલ લોકઅદાલત/ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં જાહેર કરવામાં આવેલ છે.

તારીખ :–૧૪/૦૯/૨૦૨૪
સ્થળ :–અમદાવાદ.

(કમલેશ નાથાભાઈ પ્રજાપતિ)
૫માં એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૯, અમદાવાદ શહેર
(Code: GJ00886)